

## પવિત્ર શ્રાવણના અંતિમ સોમવારે શિવલિંગનો શણગાર

અરવલ્લી જિલ્લામાં પવિત્ર શ્રાવણ માસના અંતિમ સોમવારે શિવાલયોમાં ભગવાન ભોળાનાથની આરાધના કરવા શિવભક્તો ઉમટી પડ્યા હતા. શિવલિંગનો અનોખો શણગારથી સજ્જ કરવાની સાથે સાથે ઠેર-ઠેર શિવમંદિરોમાં અવનવા હિંડોળા દર્શન યોજાયા હતા. સાંઈબાબાના મંદિરે ચૉકલેટના હિંડોળા અને કાશી વિશ્વનાથ મહાદેવે ફૂલોના રંગબંરેગી હિંડોળાનો ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

# બાયડ-ડેમાઈ માર્ગ પરનું સિમેન્ટનું ગોડાઉન જોખમી બન્યુ

**જમીનપુરાણ માટે વપરાયેલ કપચી ડસ્ટ અને ક્વોરી વેસ્ટના કારણે આસપાસના ખેતરો તથા વાહનચાલકો જોખમમાં : રોયલ્ટી ભર્યા વગર પુરાણ માટે લવાયેલ 'ડસ્ટ' : ગોડાઉનના વગદાર માલિકો તંત્રને ખિસ્સામાં લઈને ફરે છે**

બાયડ, તા. ૨૯

બાયડ-ડેમાઈ રોડ પર શિતકેન્દ્ર ડેરી સામે ખેતરોની વચ્ચે બનેલા એક સિમેન્ટ ડિલરના ગોડાઉનના કારણે આસપાસના ખેતરોના પાક માટે જોખમ ઉભુ થયુ છે. તેમજ ગોડાઉન આગળથી પસાર થતા રોડ પરના વાહનોના વાહનચાલકો માટે પણ મુશ્કેલી સર્જાઈ છે. ગોડાઉન બનાવવા માટે રોડથી ૪ થી ૮ ફૂટ ઊંડા તળીયાને ઊંચુ લેવા માટે પુરાણ કરાયેલ કપચીની ઝીણી ડસ્ટ તથા ક્વોરી વેસ્ટ ખેડૂતો તથા વાહનચાલકો માટે જોખમી બની રહી છે.

સિમેન્ટ ડિલર દ્વારા ગોડાઉનના બાંધકામ માટે તળીયુ ઊંચુ લેવા કપચીની ક્વોરીમાં વધતી ક્વોરી વેસ્ટ તથા કપચીની ડસ્ટ વાપરવામાં આવી છે. આ ડસ્ટ પવનથી ઉડીને આસપાસના ખેતરોમાં ફેલાઈ રહી છે જેથી તે ખેતરોમાં પાકને નુકસાન થઈ રહ્યું છે. વળી, બાયડ-ડેમાઈ મુખ્ય માર્ગને અડીને જ બાંધકામ હોવાથી આ ડસ્ટ ઉડીને વાહનચાલકો માટે પણ મશ્કેલી પેદા કરે છે. ખાસ



કરીને ટુ-વ્હીલર ચાલકો માટે અહીંથી પસાર થવુ અત્યંત જોખમી બની જવા પામ્યું છે. આમ પર્યાવરણને અવગણીને બનાવાયેલા આ ગોડાઉનના કારણે પાકને થઈ રહેલ નુકસાન તથા વાહનચાલકોનું જોખમ છતાં તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરાતી નથી.

પ્રાપ્ત વિગતો તેમજ આસપાસના લોકમુખે ચર્ચાતી વાતો મુજબ આ ગોડાઉનના માલિક વગદાર હોવાથી રોયલ્ટી પાસ ભર્યા વગર જ કપચીની ડસ્ટ અને ક્વોરી વેસ્ટ પુરણ માટે મેળવાઈ છે. મોટી ફાઈનાન્સ પેઢીના બે માલિકો દ્વારા સિમેન્ટના મોટા ડિલર સાથે મળીને ઉભા કરાયેલ આ ગોડાઉન બાબતે તેઓ તંત્ર તેમના ખિસ્સામાં હોવાની ખુલ્લેઆમ શેખી મારી રહ્યા છે.

લોકમુખમાં ચર્ચાતી વાતો મુજબ ભ્રષ્ટાચાર થકી કાળો કારોબાર કરાઈ રહ્યો છે જેનો કોઈ હિસાબ-કિતાબ નથી. જો એન્ટી કરપ્શનબ્યુરો તેમજ ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટ દ્વારા તપાસ કરાય. તો કરોડો રૂપિયાની ઘાલમેલ પકડાય તેમ છે. આમ પૈસાના જોરે પર્યાવરણની ઐસીતૈસી કરી ખેતીને નુકસાન તથા વાહનચાલકોને જોખમમાં મુકી મનફાવે તેમ વર્તતા આ બિલ્ડરો સામે ખાણ ખનીજ વિભાગ, જિલ્લા કલેક્ટર કે ઈન્કમટેક્ષ, કોઈ પગલા લેશે ખરૂ ?

# ...તો ઊંઝા બંધનું એલાન અપાશે : ચિંતન બેઠકનો મત

ઊંઝા, તા. ૨૯

વેપારી મથક અને યાત્રાધામ ઊંઝા શહેરમાં તાજેતરમાં બનેલ ઘટનાઓને લીધે વધતે જતી ગુંડાગર્દી અને દાદાગીરીને ડામવા અંગે ઊંઝા ખાતે ઉનાવા દેશની વાડીમાં સ્થાનિક આંટા કડવા પાટીદાર સમાજની એક ચિંતન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સ્થાનિક અગ્રણી કાન્તિભાઈ એમ. પટેલ સહિત સમાજના અન્ય આગેવાનોએ તાજેતરમાં ઊંઝામાં થયેલ હિંચકારા હુમલાઓની ઘટનાઓને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી હુમલાખોરોની તત્કાલિક ધરપકડ કરવાની માગણી કરી હતી. અને આ બાબતે સ્થાનિક પોલીસ ઈન્સ્પેક્ટર, જીલ્લા પોલીસ અધિક્ષક અને જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપવાનું નક્કી કર્યું હતું.

આ બેઠકમાં તાજેતરમાં જે હુમલાના બનાવો બન્યા છે. તેમાં સંડોવાયેલ આરોપીઓની સત્વરે ધકપકડ નહીં થાય તો અચોક્કસ મુદ્દત સુધી ઊંઝા બંધનું એલાન આપવાની ચિમકી ઉચ્ચારવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, હિંસક હુમલાઓની ઘટનાઓ સંદર્ભે ઊંઝા અને ઉનાવા પોલીસ સ્ટેશનોમાં મારામારી અંગે લૂંટના ગુનાઓ નોંધાયા છે. જેમાં આરોપીઓ નામ નમૂદ હોવા છતાં હજી સુધી પોલીસે કોઈ આરોપીની ધરપકડ કરી નથી. આમ આરોપીએને પકડવામાં પોલીસની ઢીલી નીતિ સામે આંટા કડવા પાટીદાર સમાજની બેઠકમાં આક્રોશ વ્યક્ત કરાયો છે.

# હિંમતનગરના કડોલી પાસે ૨૧ કલાક બાદ નદીમાં ડૂબી ગયેલા આધેડનો મૃતદેહ મળ્યો

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના ઈલોલ પાસે આવેલ કડોલી પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં રવિવારે બપોરે ૩ વાગ્યે એક બળદને લઈને આવતા સરદારપુરના ઈસમ ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતા હિંમતનગર અને ઈડર ફાયર બ્રિગેડે તરત જ ઈસમને શોધવા માટે બચાવ કામગીરી કરી હતી. પરંતુ રાત્રે અંધારૂ થઈ જતા કામગીરી બંધ રખાઈ હતી. ત્યારબાદ સોમવારે ૨૧ કલાક બાદ સરદારપુરના ઈસમની લાશ હિંમતનગર, ઈડર અને ગાંધીનગરના ફાયર બ્રિગેડના જવાનોએ દેરોલ પાસેથી શોધી કાઢી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર કડોલી પાસેની નદીમાં થઈને સરદારપુર ગામના બાબુભાઈ રાવળ બળદને મુકવા માટે આવી રહ્યા હતા ત્યારે અચાનક તેઓ ઉંડા પાણીમાં જતા રહ્યા હતા. જોકે બળદ બહાર નીકળી ગયો હતો.ત્યારબાદ લાશને શોધવા માટે હિંમતનગર ગ્રામ્ય પોલીસ, હિંમતનગર અને ઈડર ફાયર બ્રિગેડના જવાનોએ શોધખોળ કરી હતી. પરંતુ અંધારૂ થઈ જતા કામગીરી બંધ રખાઈ હતી. ત્યારબાદ સોમવારે ગાંધીનગર ફાયર બ્રિગેડની મદદ લઈને બાબુભાઈ વિહાભાઈ રાવળને શોધવા માટે પ્રયાસ હાથ ધરાયા હતા. જયાં બપોરે ૧ વાગે બાબુભાઈની લાશ દેરોલ પાસેના ચેકડેમ પાસેથી શોધી કાઢવામાં આવી હતી અને મૃતદેહને પી.એમ. માટે હિંમતનગર સિવિલમાં લવાયો હતો.આ અંગે હિમતનગર ગ્રામ્ય પોલીસ મથકે અકસ્માતે મોતનો ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી



ડીસા તાલુકાના બાઈવાડા ગામે ઉપસરપંચ વિરૂદ્ધ દાખલ થયેલી અવિશ્વાસની દરખાસ્ત સર્વાનુમતે પસાર થઈ જવા પામી હતી. બાઈવાડા ગ્રામ પંચાયતના ઉપસરપંચ સામે દાખલ થયેલી અવિશ્વાસની દરખાસ્ત સંદર્ભે શુક્રવારના રોજ મળેલી બેઠકમાં ૯માંથી ૮ સભ્યો હાજર રહ્યા હતા. જેમાં ઈન્ચાર્જ ટીડીઓની હાજરીમાં કાર્યવાહી શરૂ થતાં ૮ સભ્યોએ ઉપસરપંચની વિરૂદ્ધમાં મતદાન કર્યુ હતું. ઉપસરપંચ સામે બહુમતીપૂર્વક અવિશ્વાસની દરખાસ્ત પસાર થતાં ગામમાં સન્નાટો મચી જવા પામ્યો હતો. સભ્યોના જણાવ્યા મુજબ ઉપસરપંચે ગેરકાયદેસર દબાણો કર્યા હોવાથી તેમના વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત લવાઈ હતી.

# મોડાસાની તિરૂપતી ગોકુલધામ સોસાયટીમાં તસ્કરોનો તરખાટ

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં રવિવારની રાત્રીના સમયે બાયપાસ રોડ પર આવેલી તિરૂપતી ગોકુલધામ સોસાયટીને તસ્કરોએ નિશાન બનાવી ઘમરોળી નાખી હતી. ત્રણ મકાનોના તાળા તોડી તીજોરીમાંથી અને કબાટમાં રહેલા સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત ૧ લાખ રૂપીયાથી વધુની રકમની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. પોલીસ ફરિયાદ કરવાનું ટાળતા પ્રજાજનો.



બનાવની પ્રાપ્ત વિગતોનુસાર મોડાસા શહેરના માલપુર બાયપાસ રોડ પર આવેલી સહયોગ ચોકડી નજીકની તીરૂપતિ ગોકુલધામ સોસાયટીમાં ગત રાત્રીના વરસાદી માહોલમાં લૂંટની ઘટનાને અંજામ આપી ૩ મકાનોની અંદર તોડફોડ કરી ફરાર થઈ ગયા હતા. તીરૂપતિ ગોકુલધામ સોસાયટીના મકાન નં. સી.૧૫૪માં રહેતા અનિલભાઈ પંચાલ તેમજ અન્ય બે વ્યક્તિઓના મકાનોને નિશાન બનાવી રવિવારની રાત્રીના સમયે દરવાજાના તાળા તોડી ઘરમાં રહેલા કબાટ અને તીજોરીમાં રહેલા સોના, ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ અંદાજે એક લાખ રૂપિયાની લૂંટની ઘટનાને અંજામ આપી નાસી ગયા હતા. ચોર લુંટારૂ ગેંગને ત્રણ મકાનોમાં વધુ રકમ હાથ ન લાગતા ઉશ્કેરાઈ જઈ રાચરચીલુ તેમજ તીજોરીમાં તોડફોડ કરી કપડાઓના ઢગલાઓ અન્ય જગ્યાએ નાખી દીધા હતા. સોમવારે વહેલી સવારે સોસાયટીના રહીશોમાં ચોરીની ઘટના અંગે જાણ થતા એકઠા થઈ ગયા હતા. તસ્કર ટોળકી બેખોફ બની મોડાસા શહેરમાં વારાફરથી રહેણાંક સોસાયટીઓ તેમજ દુકાનોને નિશાન બનાવી લૂંટની ઘટનાને અંજામ આપી રહી હોવાથી મોડાસાનગરની છેવાડાની સોસાયટીઓના પ્રજાજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. તસ્કરોનો ભોગ બનેલા મકાન માલિકોએ આ લખાઈ રહ્યુંછે ત્યાંસુધી પોલીસ ફરિયાદ કરવાનુ મુનાસીબ માન્યુ ન હતુ.

## રિ-ડેવલપ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉદ્યાન નગરી તરીકેની ઓળખ ધરાવતા પાટનગરના ઉદ્યાનોપૈકીના ૧૬ જેટલા ઉદ્યાનોની જાળવણી અને નિભાવણીની જવાબદારી સરકારે મનપાને સુપ્રત કરેલી છે. સહિતાઉદ્યાન એ 'જ' રોડ પર સે. ૯ની નજીક આવેલ છે. અહિં સાબરમતી નદી પર નિર્માણ પામેલ સંત સરોવરની સાથે જ સરિતાઉદ્યાન પણ પ્રકૃતિપ્રેમીઓના આકર્ષણનું કેન્દ્ર બની રહે તે આશય સાથે તેને રિડેવલપ કરવાનો નિર્ણય લેવાયો છે. આ સરિતાઉદ્યાનના રિડેવલપમેન્ટમાં ખાસ વૃક્ષોને ઓળખ બનાવી થીમ આધારિત ચાર જેટલા ભાગમાં તેને વહેંચી દેવામાં આવશે જેથી સરિતાઉદ્યાનની ઓળખ પણ નવેસરથી પ્રસ્થાપિત થશે.

## કંપની સમાચાર

### દિવાન હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડનો સીક્યોર્ડ એનસીડી પબ્લિક ઈશ્યૂ ખુલી ગયો

નેશનલ હાઉસીંગ બેંક (એનએચબી)માં રજિસ્ટર્ડ ખાનગી ક્ષેત્રની હાઉસીંગ ફાઈનાન્સ કંપની દિવાન હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ (ડીએચએફએલ કે કંપની)એ ૨૯ ઓગષ્ટ, ૨૦૧૬ને સોમવારે રૂ. ૧,૦૦૦નીફેસ વેલ્યુ ધરાવતા ડિબેન્ચર્સનો સીક્યોર્ડ રીડિમેલ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (એનસીડી) લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. આ ઈશ્યૂની બેઝ સાઈઝ રૂ. ૨,૦૦૦ કરોડ છે અને રૂ. ૮,૦૦૦ કરોડ સુધી અને કુલ રૂ. ૧૦,૦૦૦ કરોડ સુધી (શેલ્ફ લિમિટ) (ઈશ્યૂ)નું ઓવર સબસ્ક્રિપ્શન (વધારે ભરણું) જાળવવાનો વિકલ્પ ધરાવે છે. જે ૨૫ ઓગષ્ટ, ૨૦૧૬ના શેલ્ફ પ્રોસ્પેક્ટસને ૨૫ ઓગષ્ટ, ૨૦૧૬ના ટ્રેન્ચ ૧ પ્રોસ્પેક્ટસ સાથે અભ્યાસ કર્યા મુજબ છે. (પ્રોસ્પેક્ટસ) (ટ્રેન્ચ, ઈશ્યૂ). આ ઈશ્યૂ ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ બંધ થશે. જેમાં કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ (બોર્ડ) કે નાણાંકીય સમિતિ દ્વારા નક્કી કર્યા મુજબ વહેલાસર ક્લોઝર કે એક્ષ્ટેન્શનનો વિકલ્પ ઉપલબ્ધ છે.

## રખડતા પશુઓ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બેઠકમાં તંત્રએ ખુલાસો કર્યો હતો કે પકડેલા ઢોરોને મુકવા માટે ડીસા, માણસા, પેથાપુર અને કણભા પાંજરાપોળ સાથે વાતચીત ચાલી રહી છે. ડીસા પાંજરાપોળે તૈયારી બતાવી છે પરંતુ વધુ અંતર હોવાને કારણે તે વિચારણા માંગી લે તેવી બાબત છે.

જો કે આ માટે ગાંધીનગર મનપા હવે પોતાનો ઢોર ડબ્બો બનાવવો જોઈએ તેવી લાગણી સભ્યોએ વ્યક્ત કરતાં ટુંક જ સમયમાં આ માટેનું ટેન્ડર જારી કરવામાં આવશે તેવી હૈયાધારણ તંત્રએ આપી હતી.

રખડતા મુકી દેતા પશુપાલકો સામે દંડનીય કાર્યવાહીનું શસ્ત્ર પણ ઉપાડવુ જોઈએ તેવી લાગણી પણ સભ્યોએ વ્યક્ત કરી હતી. ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓ હવે ઘ રોડ, ચ-રોડ તેમજ સરકારી કચેરીઓના કેમ્પસમાં પણ ઘુસી રહ્યા છે. આ સમસ્યા વધુ ને વધુ ઘેરી બની રહી છે ત્યારે કડક અને અસરકારક પગલાં લેવામાં આવે તેવી લાગણી સ્થાયી સમિતિના સૌ સભ્યોએ રજુ કરી હતી.

## શિંહોલીની પરિણીતાને ત્રાસ અપાતા ૬ વિરૂધ્ધ ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના તલોદ તાલુકાના શિંહોલી ગામે રહેતા એક પરિણીતાને છ સાસરીયાઓ દ્વારા દહેજ પેટે રૂા.૧૦ લાખની માગણી કરાતા પરિણીતાએ રવિવારે છ સાસરીયા વિરૂધ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. શિંહોલી ગામના ચેતનાબેન નાગજીભાઈ દેસાઈને તેમના પતિ છગનભાઈ જેમોરભાઈ દેસાઈ, સસરા જેમોરભાઈ હરજીભાઈ દેસાઈ, સાસુ જલાબેન દેસાઈ, દિયર અલ્પેશભાઈ દેસાઈ, દેરાણી રીટાબેન દેસાઈ અને નણંદ આશાબેન દેસાઈએ ભેગા મળીને તારા બાપાના ઘરેથી નવું મકાન બનાવવા માટે રૂા.૧૦ લાખ લઈ આવવા માટે અવારનવાર દબાણ કરી શારીરિક અને માનસિક ત્રાસ આપી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચેતનાબેન તેમના પિયર તલોદ આવી ગયા હતા.

## ઈડરના રામનગરમાં ચોરી

સાબરકાંઠા જીલ્લાના ઈડરના રામનગર વિસ્તારમાં આવેલ તિરૂપતિ સોસાયટીમાં રહેતા પરેશભાઈ ગિરીશભાઈ પટેલના બંધ મકાનમાં શનિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી રૂા.૩૦ હજારની બે સોનાની વીંટી તથા રૂા.૧૦ હજારના ચાંદીના દાગીના મળી રૂા.૪૦ હજારની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા.

## મેઘરજના કુંભેરાની સીમમાં બાઈક રોડ સાઈડના થાંભલે ટકરાતાં એકનું મોત

મેઘરજ તાલુકાના કુંભેરા ગામની સીમમાં ગત રવિવારની રાત્રી દરમિયાન બાઈક સવાર બે ઈસમો રોડ સાઈડે આવેલ પીલ્લર સાથે ધડાકાભેર અથડાતા બાઈક સવારનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું. ગત રવિવારના રાત્રીના બે વાગ્યાના અરસામાં જીવાભાઈ મણાભાઈ રાઠોડ રહે. રેલ્યો તથા અર્જનભાઈ ભીખાભાઈ ડામોર રહે. મોટી ભુવાલ દાંતી ફળી બંને ધોલેશ્વર ગામે કામ સારૂ જઈ અર્જનભાઈની મોટરસાઈકલ ડિસ્કવર જીજે.૯.સીએફ.૭૬૯૬ લઈ મેઘરજ પરત આવતા હતા તે દરમ્યાન કુંભેરા ગામની સીમમાં બાઈક રોડ સાઈડ આવેલ પીલ્લર સાથે અથડાતા મોટરસાઈલ સવાર અર્જનભાઈને માથાના ભાગે કપાળમાં ગંભીર ઈજાઓ થતાં અર્જનભાઈનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

# અરવલ્લી જિલ્લામાં પશુ દવાખાનામાં ૩૦ કામદારોને પાણીચુ

અરવલ્લી, તા. ૨૯

ગુજરાત રાજ્યમાં દલિતોના સળગતા પ્રશ્નો અંગે ભાજપ સરકાર હજુ કુંભકર્ણની નિંદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે. દલિતોને કોન્ટ્રાક્ટ પદ્ધતિથી સરકારી નોકરી રાખી છુટા કરી દેવામાં આવતા હોવાની રાજ્યમાં ઠેર ઠેર બૂમો સાંભળવા મળી રહી છે. દલિત અગ્રણીઓ દ્વારા દલિતોને પડતી હાલાકી દૂર કરવા આગામી દિવસોમાં દલિત આંદોલનને ઉગ્ર બનાવવાની તૈયારીઓ હાથ ધરાઈ છે. ત્યારે બીજી બાજુ અરવલ્લી જિલ્લામાં આવેલા પશુદવાખાનાઓમાં વર્ષોથી સ્વીપર તરીકે દલિતોને હંગામી ધોરણે નોકરી રખાતા હતા. આકામદારોને વર્ષ ૨૦૦૬માં છુટા કરી દેવાતા અને આુટ સોર્સીંગ કોન્ટ્રાક્ટ પદ્ધતિ દાખલ કરાતા અને વર્ષોથી ફરજ બજાવતા દલિત કામદારોને આઉટ સોર્સિંગ પદ્ધતિમાં પણ સમાવેશ નહિ કરાતા થયેલા અન્યાય સામે ન્યાય મેળવવા માટે સોમવારથી ૩૦ કામદારો અરવલ્લી જિલ્લા પંચાયત કચેરી આગળ અચોક્કસ મુદતના અનશન પર ઉતર્યા હતા. ૩૦ કામદારોની પડખે માલપુર જિલ્લા પંચાયત અપક્ષ સદસ્ય જશુભાઈ પટેલે આવી કામદારોને નોકરી મેળવવા સરકારમાં ઉગ્ર રજૂઆત તાત્કાલિક ધોરણે ૩૦ કરવા જણાવ્યું હતું.





અરવલ્લી જિલ્લામાં પશુ દવાખાનાઓમાં વર્ષોથી સ્વીપર તરીકે હંગામી ફરજ બજાવતા ૩૦ કર્મચારીઓને ૨૦૦૬માં છૂટા કરી દેવામાં આવ્યા હતા તેમજ ૩૦ કર્મચારીઓને સરકારી પરિપત્ર મુજબ છુટા કરવામાં આવ્યા હોવાનું પશુપાલન વિભાગ દ્વારા જણાવાયુ હતુ. છૂટા કરાયેલા આ દલિત કામદારોને આઉટ સોર્સિંગ કોન્ટ્રાટ પદ્ધતિમાં પણ સમાવેશ નહિ કરાતા થયેલા અન્યાય સામે ન્યાય મેળવવા માટે ૩૦ કામદારોએ જણાવ્યું હતું કે તેઓએ દર વર્ષે ૨૪૦ દિવસથી પણ વધારે કામ કર્યુ હોવા છતાં તેમને મળતા લાભો કે હક્કો આપવામાં આવતા નથી અને સરકાર અને પશુપાલન વિભાગમાં વારંવાર રજૂઆતો કરવા છતાં ૩૦ કામદારોના પ્રશ્નો ઉકેલ ન આવતા છેવટે ઉપવાસ પર ઉતરવાની જરૂર પડી છે. તેમજ જ્યાં સુધી સરકાર દ્વારા કામદારોને ન્યાય નહિ મળે અને નોકરી તથા આઉટ સોર્સિંગ કોન્ટ્રાક્ટ પદ્ધતિમાં સમાવેશ કરવામાં નહિ આવે ત્યાં સુધી હડતાલ યથાવત રહેશે.

### ૩૦ કામદારોની હડતાળ અંગે નાયબ પશુપાલન નિયામક અરવલ્લી શું કહે છે

અરવલ્લી જિલ્લા નાયબ પશુપાલન અધિકારી ડૉ. બી.એમ. સરગરાના જણાવ્યા મુજબ આ ૩૦ સ્વીપરોને વર્ષ ૨૦૦૫માં ૧૧ માસના કરાર ઉપર દિવસના બે કલાકની કામગીરી પેટે કોન્ટ્રાક્ટ બેઝ ઉપર નિમણૂંક અપાઈ હતી. સરકાર દ્વારા આઉટ સોર્સિંગ પદ્ધતિ દાખલ કરાતા તેમને છૂટા કરાયા હતા. તેમજ આ ૩૦ કામદારોના પ્રશ્નોની રજૂઆત સરકારમાં કરેલ છે અને આ તમામ કામદારોને આઉટ સોર્સિંગની એજન્સી સાથે સંકલન કરી કામદારોના પ્રશ્નો જલ્દી હલ થાય તે માટે તંત્ર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે.

### દલિત કામદાર આગેવાન લાલજીભાઈના જણાવ્યા અનુસાર તંત્ર દ્વારા ઉપેક્ષા

સરકારી પશુદવાખાનામાં ફરજ બજાવતા ૩૦ કામદારોને ૨૦૦૬થી છુટા કરી દેવામાં આવતા જીવનનિર્વાહ ચલાવવાના ફાફા પડી ગયા છે અને સરકારમાં અનેકવાર રજૂઆત કરવા છતાં નોકરીમાં પરત લેવાના કે આઉટ સોર્સીંગ પદ્ધતિમાં સમાવેશ કરવાના ઠાલા વચનોથી કંટાળીને આમણાંત હડતાળ પર જવાનો ૩૦ કામદારોએ નિર્ણય કર્યો છે.